# ચાઈલ્ડ ફ્રી જીવન


# ક્યારેય પેરેન્ટ્સ નહીં બનવાનું દંપતીનું ડીસીઝન

**LifeStyle Trends**

**દરેક સમાજની એક વિચારધારા એ જ હોય છે કે લગ્ન કર્યા છે તો બાળકને દુનિયામાં લાવવું અને માતા પિતાની ભૂમિકા અદા કરવી તથા વંશવેલો આગળ વધારવો. આ જે વિચારધારા હતી તેમાં હવે બદલાવ આવી રહ્યો છે. અત્યારે કપલ બંને પોત પોતાના પ્રોફેશનમાં વ્યસ્ત હોય છે. તેઓ ઘરના કામો જવાબદારી વહેંચીને સાથે કરતા હોય છે. આવી સ્થિતિમાં બાળકની જવાબદારી ઉઠાવવી અઘરું બની જતું હોય છે. હવે એવા કપલ્સ જોવા મળી રહ્યા છે જેઓ લગ્ન તો કરે છે પણ બાળકોને દુનિયામાં લાવવા માંગતા નથી. એ લોકો પરસ્પરની સમજૂતીથી બાળક ભવિષ્યમાં ક્યારેય નહીં લાવવું તેવું ડીસીઝન લેતા હોય છે. તેમના આ એક્શનનું તેમના પરિવાર તરફથી કેવું રિએક્શન હોય છે, તેમની આસપાસના લોકો તેમને બાળક કેમ નથી લાવતા તેવા સવાલ કરે તો શું જવાબ આપે છે, બાળક નહીં જ લાવવાના હોય તો ભવિષ્યનું બીજું શું પ્લાનિંગ હોય છે? ચાલો આપણે આવા કપલ્સને આ લેખના માધ્યમથી મળીએ અને તેમના આવા ડીસીઝનને લઈને તેમના પોઇન્ટ ઓફ વ્યુને જાણીએ...**



## શાંતિથી જીવવું છે બહુ ભાગાદોડી નથી કરવી



રોમીલ ગાયવાલા અને તેમના લાઈફ પાર્ટનર પાયલ બંને આર્ટિસ્ટ છે. તેમણે જણાવ્યું કે સામાન્ય રીતે લોકોની મેન્ટલિટી એવી હોય છે કે લગ્ન કરવા છે, બાળકો લાવવા છે, બિઝનેસ કે ધંધો કરવો છે અમે આવી ઘરેડમાંથી થોડું બહાર નીકળવા માંગીએ છીએ. અમે પોતાના માટે અમારી પોતાની લાઈફસ્ટાઈલ માટે જીવવા માંગીએ છીએ. અમે 30ની એજ વટાવી ચુક્યા છીએ અમને બહુ ભાગદોડ કે અપ્સ એન્ડ ડાઉન્સ જીવનમાં નથી જોઈતા. અમે બંને બહુ મહેનતે અહીં સુધો પહોંચ્યા છીએ અમે એનો આનંદ લેવા માંગીએ છીએ. તમે જ્યારે બાળક લાવો તો તમારે એની પાછળ ઘણી એનર્જી આપવી પડે ખાસ કરીને ફિમેલ્સે. તેને પોતાની પર્સનલ લાઈફમાં એડજસ્ટ કરવું પડે. અમે બંને ડેટિંગ કરતા હતા ત્યારથી ડીસાઈડ કર્યું હતું કે અમે ક્યારેય બાળક નહીં લાવીએ. અમે જે કમાઇ રહ્યા છીએ જ્યારે અમે વૃદ્ધ થઈ જઈશું તો બની શકે એ કમાણી વૃદ્ધાશ્રમમાં દાન કરી દઈએ અને અમારા જીવનના અંતિમ વર્ષોમાં ત્યાં રહીશું.

## જો બાળક નહીં લાવ્યાંનો અફસોસ ભવિષ્યમાં થયો તો એડોપ્ટ કરશે



રાહુલ દેવનાની અને આંચલ દેવનાનીના મેરેજને સાડા છ વર્ષ થયાં છે. તેમણે જણાવ્યું કે, અમે 10 વર્ષ ડેટિંગ કર્યા બાદ મેરેજ કર્યા. હા, અમે બાળક નહીં લાવવાનું ડીસીઝન લીધું છે તો એની પાછળનું રિઝન બહુ ક્લિયર છે, અત્યારે બાળકના સ્કૂલ, ટ્યુશન, એક્સ્ટ્રા-કરીક્યુલર એક્ટિવિટીઝ માટે પરેન્ટ્સે પણ બહુ સમય આપવો પડે જે કદાચ અમે નહીં આપી શકીશું. અમે હસબન્ડ વાઈફ ટેકસટાઇલ અને માર્કેટિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા છીએ. અમે જોયું છે કે કપલ બાળક લાવે છે પણ બાળકની જવાબદારી ઉઠાવવાને લઈને હસબન્ડ વાઈફ વચ્ચે ઘર્ષણ પણ ઉભું થાય છે. જો બાળકને કારણે હસબન્ડ વાઇફના રિલેશન બગડવાના હોય તો તે યોગ્ય નથી. અમારા પેરેન્ટ્સ અમારા ડીસીઝનથી હેપ્પી છે. બાળક નહીં લાવ્યાનો જો ભવિષ્યમાં અફસોસ થશે તો બાળક એડોપ્ટ કરવાનો વિકલ્પ અમારી સામે છે જ.

## આજના જમાનામાં બાળકની જવાબદારી ઉઠાવવી અઘરી છે



હાલ કેનેડામાં રહેતા સુરતના કપલ રવિ અને વિરાજ શાહે બાળક અંગે પહેલેથી જ સ્પષ્ટ વિચાર નક્કી કરી લીધો હતો. રવિના પિતા ભરતભાઈ શાહએ જણાવ્યું હતું કે, તેમના લગ્નને 13 વર્ષ થઈ ગયા છે. જોકે લગ્ન સમયે જ તેમને નક્કી કર્યુ હતું કે બાળક લાવવું નથી. તેમનું માનવું છે કે આજના સમયમાં બાળકની જવાબદારી ઊઠાવવી ઘણી મુશ્કેલ છે, અને આ જવાબદારીમાં અંગત લાઈફ જીવવી મુશ્કેલ બની શકે છે. આજે બંને નોકરી કરી કેરીયર તરફ વધુ ધ્યાન આપી રહ્યા છીએ અને એકબીજાને વધુમાં વધુ સમય આપી ખુશ રહી શકીએ છીએ. કેનેડામાં તેમને 4 કરોડમાં મકાન લીધું હતું. જેનો દર મહિને હપ્તો ભરે છે. તેઓ કહે છે કે જો આ સાથે બાળક હોત તો આ શક્ય ન હતું.

## પ્રેમમાં હતાં ત્યારે બાળકો નહીં લાવવાનું નક્કી કર્યું હતું




50 વર્ષની ઉંમર વટાવી ચૂકેલા બિઝનેસ વુમન ડિમ્પલબેન લોટવાળાએ જણાવ્યું કે, હું અને પુનિત પ્રેમમાં હતા ત્યારે જ એક ગાર્ડનમાં બેસીને નક્કી કર્યું હતું કે આપણે બાળકો નહીં કરીએ. લગભગ 30 વર્ષ પહેલાં મારી અને પુનિતની ઓળખાણ થઈ હતી પછી પછી અમે પ્રેમમાં પડ્યા અને 1997માં અમે મેરેજ કર્યા. અમારું બાળક નહીં લાવવાનું ડીસીઝન અમારું પોતાનું હતું એટલે પરિવાર કે મિત્ર વર્તુળ તરફથી અમને બાળકોને લઈને કોઈ સવાલ ક્યારેય નહીં કરાયો. અમે હસબન્ડ વાઈફ ખૂબ હેપ્પી લાઈફ માણીએ છીએ. પોતાના બાળક લાવવા જ જોઈએ એવું જરૂરી નથી. તે સબ્જેક્ટ હસબન્ડ વાઈફનો પોતાનો હોય છે.

# નવરાત્રી ટ્રેન્ડિંગ શૂઝ: પગલાં સાથે ફેશનનો તાલ

**CREATIVE માઈન્ડ્સ**

યંગસ્ટર્સ તો નવરાત્રીની આખું વર્ષ આતુરતાથી રાહ જોતા હોય અને કેમ ના જુએ? રંગબેરંગી ચણિયાચોળી, કેડિયું, અને તેની પર માફક આવે તેવી ઓક્સિડાઇઝની જ્વેલરી પહેરીને ગરબે ઝૂમવાની મજા જ આવી જતી હોય છે. હવે આ પરંપરાગત લુકમાં ફૂટવેર પણ મહત્ત્વના ફેશન સ્ટેટમેન્ટ બની રહ્યા છે. હવે તો મોટા ખુલ્લા પાર્ટી પ્લોટમાં કલાકો ગરબાની તાલે ઝૂમવાનું હોય ત્યારે પગને આરામ મળી રહે તેની પર યંગસ્ટર્સ ફોકસ કરવા લાગ્યા છે. પગને કમ્ફર્ટની સાથે નવરાત્રીના ટ્રેડિશનલ આઉટફિટ સાથે મેચ થાય તેવા ટ્રેન્ડી શૂઝ, સ્નિકર્સની સુરતી ખેલૈયાઓ ડિમાન્ડ કરવા લાગ્યા છે.. તો ચાલો નવરાત્રીના ટ્રેન્ડી શૂઝ વિશે આ લેખના માધ્યમથી જાણીએ...





## LED Light Up Shoesનો યંગસ્ટર્સમાં જબરદસ્ત ટ્રેન્ડમાં


કલરફુલ દોરાની એમ્બ્રોઇડરી, કોડી અને મિરર વર્ક વાળા નવરાત્રી માટેના ફૂટવેરમાં હવે Led Lights લાગેલી હોય છે. લાઈટવાળા શૂઝ નવરાત્રીમાં ઝગમગાટ વધારી દે છે. આ શૂઝની અંદર નાની રિચાર્જેબલ બેટરી હોય છે. તેને USB કેબલથી ચાર્જ કરી શકાય છે. તમે બટન પ્રેસ કરીને લાઇટ્સના રંગ પણ બદલી શકો છો.

## મિરર વર્ક્સ અને વણજારા એમ્બ્રોઇડેડ સ્નિકર્સ સૌથી મોટા ટ્રેન્ડસેટર



આભલા વર્કના કલરફુલ ચણિયાચોળીને મેચિંગ મિરર વર્ક અને વણજારા એમ્બ્રોઈડર્ડ સ્નિકર્સ આ વર્ષે સુરતી યંગસ્ટર્સમાં ટ્રેન્ડસેટર બની રહ્યા છે. આવા કલરફુલ સ્નિકર્સમાં હેવી કુશનિંગવાળા સોલ હોય છે જે ગરબાના સ્ટેપ્સ કરતી વેળા પગને યોગ્ય ગ્રીપ અને આરામ આપે છે. તેની પર આકર્ષક આભલા, કલરફુલ દોરા, કોડી અને ગોટાપટ્ટીનું વર્ક હોય છે.

## બોહો સ્ટાઇલ ફૂટવેર પારંપરિક અને મોર્ડન લૂકનું ફ્યુઝન છે



ગરબા અને દાંડિયા નાઈટમાં સુંદર ચણિયાચોળી સાથે પારંપરિક અને મોર્ડન લુકનું ફ્યુઝન ક્રિએટ કરવા સુરતી યુવતીઓ બોહો-ચીક ફૂટવેર પસંદ કરી રહી છે. આ ફૂટવેર આરામદાયક હોવાથી કલાકો ગરબા રમ્યા બાદ પણ થાકનો અનુભવ નથી થવા દેતા. આમા મલ્ટીકલર દોરાનું ગામઠી વર્ક, મિરર વર્ક અને લટકતી કોડીયો ફૂટવેરની સુંદરતા વધારે છે.

**મેરી સુરત દેખી આંખે**

**ગજેન્દ્ર મજીઠિયા**

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**


## આવજો બાપ્પા! મસ્તીથી પાછા વહેલા આવજો!




**ચાલો રે સૌ ઝૂમવા, આવ્યો વિદાયનો વાર,**
**નાના મારા બાબા ગણેશ, મોદકનો છે ભંડાર!**
**મૂછો મરડી મલકતા, ચાલે છે રૂઆબદાર,**
**આજ કરશું બાપા તારું હેતથી વિસર્જન ચાર્મદાર!**
**મોદક ખાધા ઢગલાબંધ, પેટ ફુલાવી લાલ,**
**નાની-નાની આંખોથી જુએ છે નટખટ બાળ!**
**મંદિરમાં મચાવી મસ્તી, ફાડી નાખ્યું ઘર આખું,**
**તારી આ રમતિયાળ લીલાથી, મન મારું થાય છે વાઘું!**
**પાણીમાં પધરાવતા હસતી મુખમુદ્રા જોઈ,**
**આંખોમાં આંસુ આવ્યા, પણ હોઠે હસી છે કોઈ!**
**ઢોલ નગારે ઝૂમી ઝૂમી ગુલાલ ઉડાડીએ જોર,**
**'ગણપતિ બાપ્પા મોરિયા' ગાશે આખો સંસાર મોર!**
**આવતા વર્ષે પાછા આવજો, લાવીને લાડુ હજાર,**
**બાળ ગણેશ તારી વિદાયમાં, નાચશે ચાર અમારો પરિવાર!**

**સુરતનાં કિલ્લા પર એક સમયે ત્રણ ધ્વજ ફરકતા હતા, મોગલોનો, અંગ્રેજોનો અને મરાઠાઓનો.. મરાઠાઓ પણ આપણી સુરતી સંસ્કૃતિનું અભિન્ન અંગ રહી ચૂક્યા છે. તેની પ્રતીતિ આપતો વિસ્તાર એટલે રૂંઘનાથપરા. જ્યાં આજે પણ મરાઠી સંસ્કૃતિનાં અવશેષો ચોથિયા શેરી, મલાર શેરી અને ત્યાં ગવાતી મરાઠી આરતી અને સ્તુતિઓમાં સચવાયેલા છે.....**

# સુરતીઓ અને મરાઠાઓનું વર્ષોથી ચાલ્યું આવેલું સહઅસ્તિત્વ



**વિસરાયેલો વારસો**
**તાપી તટે ભીંજાયેલો ભૂતકાળ**
**વિમ્મી વિષ્ણુ ચેવલી**

સુરતમાં ૧૬મી અને ૧૭મી સદીમાં લક્ષ્મી હેલે ચડી હતી, પણ સુરતનું કમનસીબ એ હતું કે બહારના આક્રમણ સામે સુરક્ષાની વ્યવસ્થા કિલ્લાની બહાર કશી ન હતી. સુરતની ચમકતી સુરત ઘણાંને આકર્ષતી તેથી અહીં વસ્તી સારી એવી હતી. જોકે, બજારના સોદાઓ સિવાય તેમની વચ્ચે કોઈ સમાન ભૂમિકા ન હતી. ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈના કહેવા મુજબ શાસકોમાંથી કોઈને સુરત તરફ કોઈ ખાસ લાગણી વહી જતી ન હતી. રજબ ખુદાવંદખાનને મન સુરત પોર્ટુગીઝોને ત્યાં ગીરવે આપવાની મિલકત હતું. શાહજહાંને મન એ જહાંઆરાને ભેટ આપવાનો દાગીનો હતો. ઘણાં સુરતને મક્કાનાં વહાણ પર ચઢવાના પાટિયા તરીકે ગણતા હતા. આ પરિસ્થિતિ કોઈ મામૂલી લશ્કરી સાહસિકને પણ હુમલો કરવા નોતરું મૂકે એવી હતી અને આવા જ કારણોસર સુરત તરફ જેમની નજર પડી એ હતા,

**સુરતનો આ એકમાત્ર એવો વિસ્તાર છે કે જ્યાં ગણપતિના આ દસ દિવસ વર્ષોથી યુટ્યુબનાં પહેલાના જમાનાથી મરાઠીમાં આરતી ગવાય છે. એટલું જ નહિ અહીંની ગણપતિદાદાની સ્તુતિ કે જે મરાઠીમાં ગાવામાં આવે છે તેમાં તાપીમાતાનો ઉલ્લેખ છે**

છત્રપતિ શિવાજી મહારાજ...

જોકે, શિવાજી પાસે સુરત પર હલ્લો કરવાના પોતાના કારણો પણ હતા. મોગલોએ શિવાજીની ફરતે દક્ષિણમાં ભીંસ જમાવી હતી. તે સાથે તેમણે દક્ષિણમાં જે લૂંટફાટ કરી તેનો બદલો પણ મેળવવાનો બાકી હતો. આ બંને હેતુ માટે શિવાજી મહારાજનું ધ્યાન સહજ જ સુરત તરફ ગયું. એ જમાનામાં સુરતનું મહત્વ માત્ર દિલ્હીથી જ ઉતરતું હતું. જો આ જગ્યાએ તેઓ લૂંટ ચલાવે તો મોગલોને બેઈજ્જત કરવા જેવું થાય એવું હતું અને એ જ કારણે શિવાજી મહારાજે મોગલ શાસન હેઠળનું સુરત લૂંટ્યું.

બીજી વાર સુરત શિવાજી મહારાજ દ્વારા લૂંટાયું તેના કારણમાં આફ્રિકાનાં જંજીરામાં આવેલા "સીદીઓ" જવાબદાર હતા. એ વખતે સુરતના બાદશાહે યાકુતખાન નામના જંજીરાનાં સીદીને વાર્ષિક દોઢ લાખનું સાલિયાણું બાંધીને પોતાનો દરિયાઈ વડો નીમ્યો હતો. એ રકમ સુરતની તિજોરીમાંથી જવાની હતી. એ સીદીઓનો નાયબ પણ સુરતની રક્ષા હેતુ અહીં જ રહેતો હતો. સુરતનાં મુત્સદ્દીની એ મદદ જો અટકાવી શકાય તો જ જંજીરાના સીદીઓને અટકાવી શકાય એટલે શિવાજી મહારાજે ફરી સુરત લૂંટ્યું. ઈ.સ. ૧૬૭૦ની શિવાજીની ચઢાઈ એ આખરી ચઢાઈ હતી.

ત્યારબાદ સુરતથી સો માઈલ દૂર જવહાર નામનું સંસ્થાન અને સાત માઈલ પર રામનગર સંસ્થાન ઈ.સ. ૧૬૭૨માં શિવાજીનાં સરદાર મોરોપંત પિંગળેએ કબજે કર્યા. ત્યારબાદ તેમને સુરતના મુત્સદ્દી એટલે કે ગવર્નર પર પત્ર લખી ચોથનાં ચાર લાખ રૂપિયાની માંગણી કરી. બે-ત્રણ પત્રો મોકલ્યા ત્યાં સુધી તો મુત્સદ્દીએ કોઈ પરવા ન કરી પણ જ્યારે તેમણે શહેર પર ચડાઈ કરવાની ધમકી આપી ત્યારે શહેરના આગેવાન વેપારીઓએ ભેગા થઈને ૫૦૦ ઘોડેસવાર, ૩૦૦૦ પાયદળ અને ૪૫૦૦૦ એક માસના ખર્ચ પેઠે ઉઘરાવ્યા એવી માહિતી મળે છે.

પણ અહીંથી જ સુરતમાં "ચોથ"નાં પગરણ મંડાયા. મરાઠાઓના પગરણ સુરતમાં મંડાયા અને સુરતની વિવિધ પચરંગી પ્રજામાં એકનો વધારો થયો. સુરતનો "રૂંઘનાથપરા" વિસ્તાર મરાઠા સરદાર રૂંઘનાથરાવનાં નામથી વિકસ્યો એવી પણ વાયકા મળે છે. જોકે, તે માટે કોઈ નક્કર પ્રમાણ હાથ લાગ્યું નથી. પણ રૂંઘનાથપરા વિસ્તારમાં જે રીતે આજે પણ મરાઠાઓની વસ્તી છે એ પરથી એ વાતને પુષ્ટિ મળે છે. ઉપરાંત ત્યાં જ "ચોથિયા શેરી' પણ આવેલી છે જેના માટે એવું કહેવાય છે કે ચોથ એટલે કે કરનો ચોથો ભાગ ઉઘરાવતા અમલદારો રહેતા એટલે જ આ શેરીનું નામ ચોથિયા શેરી પડ્યું હોવાનું કારણ મળે છે. તેની બાજુમાં જ મલાર શેરી આવેલી છે જે મરાઠાઓના ઈષ્ટદેવના નામ પરથી એ નામ પડ્યું હોવાનું મનાય છે.

સુરતનો આ એકમાત્ર એવો વિસ્તાર છે કે જ્યાં ગણપતિના આ દસ દિવસ વર્ષોથી યુટ્યુબનાં પહેલાના જમાનાથી મરાઠીમાં આરતી ગવાય છે. એટલું જ નહિ અહીંની ગણપતિદાદાની સ્તુતિ કે જે મરાઠીમાં ગાવામાં આવે છે તેમાં તાપીમાતાનો ઉલ્લેખ છે. આ એ વાતની સાબિતી છે કે ઈતિહાસની આપની સંસ્કૃતિ, રહેણીકરણી અને ભૂગોળ પર એકલી અમીટ અસર છે.

**વારસાની વરિયાળી**

**શિવાજી મહારાજની ચઢાઈ બાદ જ મોડા જાગેલા મોગલોએ આલમપનાહ કોટ કે જે સુરતનાં નવા વિકસેલા વિસ્તારોને સાંકળી લેતો હતો તેનું કામકાજ ચાલુ કર્યું હતું. એકમાત્ર ગણપતિદાદાની સ્તુતિ કે જે સુરતમાં મરાઠીમાં ગવાય છે અને જેમાં તાપીમાતાનો ઉલ્લેખ છે.**

**ગણપતિ ગજાનના દેવા, ગજાનના દેવા નહિ તો**
**વિઘ્નાવર જાવા**
**નહિ તો વિઘ્નાવર જાવા, યે ગણપતિ ગજાનના દેવા**
**પાર્વતીમાને પત્ર પાઠવિલે ગણપતિ બાપ્પા લા (૨)**
**એ આનંદ ચૌદશ પુઢ્યાવર્ષી યાવે ઘરાલા**
**તાપી નદીના પૂર આલે પાણી લાગલે પુલાલા(૨)**
**પાર્વતીમાને જાઉં સાંગિતલા ગણપતિ બાપ્પા બુડાલા**
**ગણપતિ બાપ્પા મોર્યા મોર્યા**
**પુઢ્યાવર્ષી લવકર્યા....**